GJBK020067542022

| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૧૬/૧૨/૨૦૨૨ |
| દાખલ તારીખ | : | ૧૯/૧૨/૨૦૨૨ |
| નિકાલ તારીખ | : | ૨૮/૦૪/૨૦૨૨ |
| સમય ગાળો | : | વર્ષ–માસ–દિન |

---

બનાસકાંઠાના મે.ચોથા એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં,
મુ.પાલનપુર

---

ક્રિ.કે.નં. ૫૭૬૦/૨૦૨૨
આંક :.......

ફરીયાદી : શ્રી સરકાર,
વિરૂધ્ધ
આરોપી : સાકરબેન વા./ઓ. અમરાજી મગનજી વાઘણીયા (ઠાકોર)
રહે. વાઘણા, તા. પાલનપુર, જી.બનાસકાંઠા.

ગુન્હો :– ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ ૬૫ એએ

.........................................................................................

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રી આર. એન વકીલ
આરોપી તરફે વિ.વ.શ્રી પી.વી.ઠાકોર

.........................................................................................

**–: જજમેન્ટ :–**

(૧) આ કામનાં ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ તા.૦૮/૦૯/૨૦૨૨ નાં રોજ કલાક ૧૬–૩૦ વાગ્યે મોજે વાઘણા ગામમાં પોતાના કબજા ભોગવટાના રહેણાંકના ઘરના ખુમામાંથી ઘરે ગે.કા.નો વગર પાસ પરમીટનો દેશીદારુ લીટર– ૦૬, કિંમત રૂા. ૧૨૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર ના મળી આવી ગુનો કરેલ છે, જેથી ફરિયાદીએ આ કામનાં આરોપી વિરૂધ્ધ ફરિયાદ આપતા,

તપાસનાં અંતે સંબંધિત પોલીસ સ્ટેશનનાં તપાસ કરનાર અમલદારે આ કામનાં આરોપી સામે પુરતો પુરાવો જણાતા આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટમાં ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫એએ મુજબનાં ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામે આરોપી વિરુધ્ધ સમન્સ ઈસ્યુ કરતા, આરોપીને સમન્સની બજવણી થઈ હાજર થતા, તેમને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યાબાદ આ કામનાં આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી, પ્લી નોંધતા આરોપીએ પોતાની સામેના આક્ષેપિત ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવાઓ</u> :**

| આંકની સંખ્યા | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| આંક ૧૧ | જયેશભાઈ સરદારભાઈ | ફરીયાદી/પોલીસ સાહેદ |
| આંક ૦૯ | વશરામજી મંછાજી ઠાકોર | પંચ |
| આંક ૦૭ | દેવાભાઈ જયંતિભાઈ ઠાકોર | પંચ |
| આંક ૦૬ | પ્રવિણભાઈ ચેલાભાઈ | ત.ક.અ./પોલીસ સાહેદ |

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u> :**

| આંક સંખ્યા | વર્ણન |
|---|---|
| આંક ૦૮ | પંચનામુ |
| આંક ૧૨ | ફરીયાદ |

(૪) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું સીઆર.પી.સી.ની કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધી શકાય તેટલો પુરાવો રજુ થયેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૫) ફરીયાદ પક્ષના વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષના વિ.વ.શ્રીની દલીલો વિગતવાર સાંભળી.

(૬) આ કેસનાં આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

મુદ્દા નં.૧ : શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપી એ તા.૦૮/૦૯/૨૦૨૨ નાં રોજ કલાક ૧૬–૩૦ વાગ્યે મોજે વાઘણા ગામમાં પોતાના કબજા ભોગવટાના રહેણાંકના ઘરના ખુમામાંથી ઘરે ગે.કા.નો વગર પાસ પરમીટનો દેશીદારુ લીટર– ૦૬, કિંમત રૂા. ૧૨૦/– નો રાખી પોલીસ રેઈડ દરમ્યાન હાજર ના મળી આવી ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ –૬૫ એએ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ : શુ હુકમ?

(૭) ઉપરોકત મુદ્ધાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

**–// <u>કા ર ણો</u> //–**

<u>મુદ્દા નં.૧</u> :

(૮) આ કામે ફરિયાદપક્ષે આંક–૦૯ થી પંચ સાહેદ : વશરામજી મંછાજી ઠાકોરને તેમજ આંક–૦૭ થી પંચ સાહેદ : દેવાભાઈ જયંતિભાઈ ઠાકોરને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, તેઓ બનાવવાળી જગ્યાનાં અને મુદ્દામાલ રીકવરીનાં પંચનામાનાં પંચ સાહેદો છે. તેઓની જુબાની વંચાણે લેતા પોલીસે એક તૈયાર પંચનામામાં પંચ તરીકે તેઓની સહીઓ લીધેલ છે. તેમજ પંચનામા વિશે કશુ જાણતા નથી. તેઓ પંચનામા માં પોતાની

ફકત સહી જ ઓળખી બતાવે છે. તેમજ પંચ સાહેદો આંક–૦૮ વાળા મુદ્દામાલ રીકવરી પંચનામાને લેશમાત્ર સમર્થન આપતા ન હોઈ વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરીને કોર્ટની પરવાનગીથી ફરીયાદપક્ષે ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવા છતા પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોવાથી પંચ સાહેદની જુબાનીથી ફરિયાદ પક્ષનાં કેસને સમર્થનકારક પુરાવો મળી આવતો નથી.

(૯) આ કામે ફરિયાદ પક્ષે આંક–૧૧ થી ફરિયાદી : જયેશભાઈ સરદારભાઈને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા તેઓએ મુખ્યત્વે તેમની ફરિયાદને અનુરૂપ પુરાવો આપેલ છે. આરોપી સામે પોલીસ સ્ટેશનમાં ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ–૬૫ એએ મુજબની ફરિયાદ આપેલ હોવાની હકીકતને સમર્થન આપેલ છે અને તેઓ આરોપીને ઓળખતા હોવાનું પોતાની જુબાનીમાં જણાવેલ છે અને તેમણે આંક–૧૨ થી ફરિયાદ રજુ કરેલ છે. ફરીયાદીએ તેમની ઉલટ તપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ સરનામાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યા એ ઘણા લોકોની અવરજવરવાળી જાહેર જગ્યા છે. રેઈડ દરમ્યાન આરોપીની ઓળખનો કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. રેઈડ દરમ્યાન આરોપી સ્થળ ઉપર મળી આવેલ નથી. અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષે આંક–૦૬ થી તપાસ કરનાર અમલદાર શ્રી : પ્રવિણભાઈ ચેલાભાઈને સોગંદ ઉપર તપાસેલ છે. તેઓની જુબાની વંચાણે લેતા મુખ્યત્વે તેમણે આ કામનાં ફરિયાદીએ આંક–૧૧ થી આપેલ જુબાની મુજબનો પુરાવો આપેલ છે. તેમણે પોતાની સરતપાસમાં પી.એસ.ઓ.શ્રીએ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશન પ્રોહીબીશન ગુ.ર. ૬૯૭/૨૦૨૨ થી ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ

–૬૫એએ. મુજબનો ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ તેમને સોંપેલ હોવાની, તેમણે લાગતા–વળગતા સાહેદોનાં નિવેદનો લીધેલ હોવાની તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોવાથી તેમણે નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાની હકીકત જણાવે છે અને તેઓએ પોતે આરોપીને ઓળખતા હોવાનું પોતાની જુબાનીમાં જણાવેલ છે. તેમની ઉલટ તપાસમાં તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસ સાહેદ સિવાય બીજા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ નથી. ફરીયાદમાં પંચોના નામ સરનામાં જણાવેલ નથી. બનાવવાળી જગ્યા એ ઘણા લોકોની અવરજવરવાળી જાહેર જગ્યા છે. આરોપીની ઓળખનો કોઈ આધાર પુરાવો મેળવેલ નથી. રેઈડ દરમ્યાન આરોપી સ્થળ ઉપર મળી આવેલ નથી. અન્ય હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧) સદરહુ કામે રજુ થયેલ તમામ પુરાવાઓ જોતા, આ કામે પંચ સાહેદો રૂબરૂ આ કામનાં આરોપીનાં કબજા ભોગવટાનાં રહેણાંક ઘરની ઓસરીમાંથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો દેશીદારૂ મળી આવેલ હોવાનો ફરિયાદ પક્ષનો કેસ છે, પરંતુ પંચ સાહેદોની હાજરીમાં મુદ્દામાલ રીકવર થયેલાની હકીકતને તથા મુદ્દામાલ રીકવરી પંચનામું થયેલાની હકીકતને પંચ સાહેદો ઈન્કાર કરે છે, જેથી વાંધાજનક મુદ્દામાલ આરોપી ના સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજો હોવાનું સાબિત થતુ નથી. જેથી એફ. એસ. એલ. માં મોકલાવેલ પ્રતિબંધિત મુદામાલ તે જ હતો કે કેમ તે અંગે પણ શંકાસ્પદ છે.

જયારે ફરિયાદપક્ષનાં કેસમાં આરોપીનાં કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર અને પાસ પરમીટર વગરનો દેશી દારૂ મળીઆવેલાનો કેસ છે અને તે ગુનો બન્યાનો સમય – સ્થળ ધ્યાને લેતા, ગુનાવાળી જગ્યાએ સામાન્ય રીતે ત્રાહિત માણસોની હાજરી હોવાની શકયતા નકારી શકાય તેમ નથી. અન્વેષણ દરમ્યાન પંચનામાના સાહેદ સિવાય સાહેદ તરીકે માત્ર પોલીસ સાહેદોના જ નિવેદન લીધેલા છે. તે સંજોગોમાં પોલીસ સાહેદ સિવાય

ત્રાહિત વ્યકિતને સાહેદ તરીકે ન દર્શાવવાનું કોઈ વ્યાજબી કારણ ફરિયાદ પક્ષનાં રેકર્ડ ઉપરથી ફલીત થતુ નથી તેમજ સદર પોલીસ સાહેદોની હકીકતને સ્વતંત્ર સાહેદોનાં પુરાવા રજુ કરાવી ફરિયાદ પક્ષનાં કેસને સમર્થન અપાવેલ નથી

આ તબકકે નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા સંખ્યાબંધ ચુકાદાઓથી પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લઈએ તો જયારે રેકર્ડ ઉપરની હકીકત મુજબ જયારે ચાર્જશીટ પરનાં પુરાવાનાં સંજોગોમાં અન્ય સાહેદોને તપાસવાથી અર્થ સરે તેમ ન હોય તથા સમયનો વ્યય થાય તેમ હોય, સદર કામે ઉપરોકત હકીકતે અન્ય સાહેદોને ફરિયાદ પક્ષ ધ્વારા તપાસવામાં આવેલ નથી. આમ, જયારે ફરિયાદ પક્ષનાં કેસ મુજબ આરોપીનાં કબજા ભોગવટામાંથી ગેરકાયદેસર રીતે પાસ પરમીટ વગરનો દેશી દારૂ મળી આવ્યાનો કેસ હોય તેમજ મુદ્દામાલ રીકવરી પંચનામામાં પંચ સાહેદ પોતાની હાજરીમાં પંચનામું થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરતા હોય તેમજ પોલીસ ધ્વારા ખરેખર તટસ્થ અને ચોકકસ તપાસ થયેલ હોવાની હકીકત શંકાસ્પદ હોય, ફરિયાદ પક્ષ આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું તથા આરોપી ક્રિમીનલ જયુરીસ્પ્રુડન્સ નાં સિધ્ધાંત મુજબ મળવાપાત્ર શંકાનો લાભ મેળવવા હકકદાર થતા હોવાનું ઠરાવી મુદ્દા નં.૧ નો જવાબ 'નકારમાં' આપવામાં આવે છે અને મુદ્દા નં.ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// <u>હુકમ</u> //-**

(૧) આ કામનાં આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ-ર૪૮(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ ની કલમ-૬૫એએ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) અપીલ સમય વિત્યા બાદ કબજે કરેલ મુદ્દામાલ દેશીદારુ નો નાશ કરવો.

(૩) હાલના આરોપીએ અગાઉ આપેલ જામીન ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ ૪૩૭(એ)અન્વયે અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ. : પાલનપુર
તારીખ: ૨૮/૦૩/૨૦૨૩

(રોનકકુમાર અમૃતલાલ પટેલ)
ચોથા એડી.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પાલનપુર
કોડ નં. જી.જે.૦૧૬૬૪